## અનુસંધાન ... પાના પહેલાનું

### ભારતીય ભૌતિક...;

સેન્ટર ફોર થિયોરેટિકલ સાયન્સિસ'(ICTS)-ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR) ખાતે 'ICTS-ઈન્ફોસિસ માધવ ચેર' પ્રોફેસર તરીકે કાર્યરત સેનને આધુનિક 'સ્ટ્રિંગ થિયરી'ના ઘડવૈયા માનવામાં આવે છે. આ થિયરી રજૂ કરે છે કે દ્રવ્યના મૂળભૂત ઘટકો બિંદુ સ્વરૂપ કણોને બદલે અત્યંત નાના, એક-પરિમાણીય, દોરી(string) જેવા પદાર્થો છે. આ રીતે તે દ્રવ્ય અને તેમની વચ્ચેના બળોનું એકીકૃત વર્ણન કરવાનો પ્રયાસ કરે છે. સ્વીડિશ સદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી ઓસ્કાર ક્લેઈનના નામે ૧૯૮૮ માં શરૂ કરાયેલ આ મેડલ સ્ટોકહોમ યુનિવર્સિટી અને 'રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સિસ'ની ભૌતિકશાસ્ત્ર માટેની નોબેલ સમિતિ દ્વારા દર વર્ષે એનાયત કરવામાં આવે છે. ક્લેઈનની સ્મૃતિમાં, ઓસ્કાર ક્લેઈન મેમોરિયલ લેક્ચર્સની આયોજન સમિતિ દર વર્ષે એક પ્રતિષ્ઠિત સંશોધકને સ્મારક વ્યાખ્યાન આપવા અને ક્લેઈન મેડલ સ્વીકારવા માટે આમંત્રિત કરે છે. પદ્મશ્રી(૨૦૦૧) અને પદ્મભૂષણ(૨૦૧૩) મેળવનાર અશોક સેનના પ્રદાનથી પ્રભાવશાળી સૈદ્ધાંતિક શોધોની એક શ્રૃંખલા દ્વારા આ સંશોધન ક્ષેત્રને નવું રૂપ મળ્યું છે, જેમાં ૨૦૧૨ માં 'બ્રેકથ્રુ પ્રાઈઝ ઈન ફંડામેન્ટલ ફિઝિક્સ' દ્વારા માન્યતા પ્રાપ્ત કાર્યનો પણ સમાવેશ થાય છે. આ શોધે એ વિચાર સ્થાપિત કરવામાં મદદ કરી કે તમામ સ્ટ્રિંગ થિયરીઓ એક જ મૂળભૂત સિદ્ધાંતની વિવિધ મર્યાદાઓનું પ્રતિનિધિત્વ કરે છે.

### મધ્ય પૂર્વમાં...

ફરી શરૂ કરી શકે છે. વાટાઘાટો અટકી જતાં અને બંને પક્ષો એકબીજાને ધમકીઓ આપી રહ્યા હોવાથી, ખાડી વિસ્તાર અન્ય એક લશ્કરી મુકાબલા તરફ આગળ વધી રહ્યો છે.

મુખ્ય પ્રશ્ન એ છે કે ક્યારે. નિષ્ણાતોએ સૂચવ્યું છે કે આગામી બે સપ્તાહમાં યુએસ અને ઈઝરાયેલમાં યોજાનારી ચૂંટણીઓ લશ્કરી કાર્યવાહીના સમયને પ્રભાવિત કરી શકે છે. ઈઝરાયેલના બેન્જામિન નેતન્યાહુ ૨૭ ઓક્ટોબરે તેમના સૌથી કઠિન ચૂંટણી જંગનો સામનો કરી રહ્યા છે. બીજી તરફ, યુએસ મિડટર્મ ચૂંટણીઓ કોંગ્રેસના નિયંત્રણનો નિર્ણય કરશે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ ૩ નવેમ્બરની ચૂંટણી પહેલા ઈરાન પર હુમલો ન કરવાનું વચન આપ્યું હતું, પરંતુ તેમની તાજેતરની ધમકીઓ – જેમાં "મધર ઓફ ઓલ બોમ્બ" નો સંદર્ભ પણ સામેલ છે – સૂચવે છે કે હુમલાનો નવો રાઉન્ડ ટૂંક સમયમાં થઈ શકે છે. તુર્કીયેમાં તેમના દૂતે એવો દાવો પણ કર્યો હતો કે અમેરિકા "આ વિકેન્ડ જેટલું જલ્દી" ઈરાન પર હુમલો કરી શકે છે. ઈરાને પણ લશ્કરી કવાયતો શરૂ કરી છે અને એક નવું શસ્ત્ર તૈયાર હોવાની ધમકી આપી છે.

આ યુદ્ધની ઉત્તેજના અને વધતા વિવાદાસ્પદ નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે ઈરાન તેના સંતૃપ્ત યુરેનિયમની સોંપણી કરવાનો અને હોર્મુઝની સામુદ્રધુની ખોલવાનો ઈનકાર કરી રહ્યું છે, જે વૈશ્વિક તેલ વેપારના ૨૦% ભાગ માટે મહત્વપૂર્ણ જળમાર્ગ છે.

### ઇમરજન્સી એક્ઝિટ...

ઘટાડવાની જાહેરાત કરતી વખતે અમેરિકાએ આ મેમોનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો.

આ મેમો સ્ટેટ ડિપાર્ટમેન્ટે જોર્ડન, લેબનાન, કતાર અને સંયુક્ત આરબ અમીરાત(UAE)માં અમેરીકી દૂતાવાસોમાં સ્ટાફ ઘટાડવાની જાહેરાત કર્યાના ટૂંક સમયમાં જ બહાર આવ્યો હતો. ત્રણેય અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈરાન અને યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ તરફથી મળતી ધમકીઓ સ્ટાફમાં કરાયેલા આ ફેરફારો સાથે સંબંધિત છે. આ દૂતાવાસોને નિયંત્રિત કામગીરીની કક્ષામાં મૂકવામાં આવ્યા છે.

**સાઉદીથી વિપરીત આ ચાર દેશોના સ્ટાફને દેશ છોડવાનું ફરજિયાત નથી**

સાઉદી અરેબિયાથી વિપરીત – જ્યાં બિન-જરૂરી અમેરિકી કર્મચારીઓ અને તેમના પરિવારોને બુધવારે દેશ છોડી જવાનો આદેશ આપવામાં આવ્યો હતો – અન્ય ચાર દેશોના સ્ટાફને દેશ છોડી જવા માટે ફરજ પાડવામાં આવી નથી. આ અઠવાડિયે સ્ટાફમાં ઘટાડાની જાહેરાત કરતી વખતે, સ્ટેટ ડિપાર્ટમેન્ટે ખાસ કરીને યમનના હુથી બળવાખોરો તરફથી વધતા ખતરા તરફ ઈશારો કર્યો હતો અને ઈરાન તરફથી સીધા યુએસ કર્મચારીઓને મળતી ધમકીઓનો ઉલ્લેખ કર્યો ન હતો. સાઉદી નેતૃત્વ હેઠળના ગઠબંધન અને હુથીઓ વચ્ચે ફરી એકવાર લડાઈ શરૂ થઈ છે, જેમાં આ આતંકવાદી જૂથ સાઉદી અરેબિયા પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરી રહ્યું છે.

### ઈરાનના સ્પીકરે...

જેમણે તાજેતરના મહિનાઓમાં યુએસ સાથેની વાટાઘાટોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, આગામી અઠવાડિયે BRICS સ્પીકર્સ ફોરમની બેઠક માટે નવી દિલ્હીની તેમની મુલાકાત રદ કરી છે.

૧૨મી BRICS સંસદીય ફોરમની બેઠક ૨૬-૨૭ ઓક્ટોબરે મળશે. આ બેઠકનું સ્થળ સંસદનું સેન્ટ્રલ હોલ રહેશે, અને લોકસભાના સ્પિકર ઓમ બિરલા યજમાન રહેશે.

### હુમલો થાય...

કે અમેરિકા અને ઈઝરાયેલના નવા હુમલાની સ્થિતિમાં સમુદ્રની નીચે બિછાવેલી સંચાર કેબલને નિશાન બનાવવાની યોજના છે. જોકે, તેમણે એ નથી જણાવ્યું કે કેબલ પર હુમલો ક્યાં અને કેવી રીતે કરવામાં આવશે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, ઈરાન કેબલ કાપવાની સાથે તેની રિપેરિંગમાં પણ અવરોધ ઊભો કરી શકે છે. આનાથી ઈન્ટરનેટ અને અન્ય સંચાર સેવાઓ લાંબા સમય સુધી પ્રભાવિત થઈ શકે છે. સંયુક્ત રાષ્ટ્રની એજન્સી ITU અનુસાર, વિશ્વનો લગભગ 99% ઈન્ટરનેટ ટ્રાફિક સમુદ્રની નીચે બિછાવેલી કેબલમાંથી પસાર થાય છે. આ કેબલ અલગ-અલગ દેશો અને ખંડોને જોડે છે. જોકે, ટેલી જિયોગ્રાફીના રિસર્ચ ડાયરેક્ટર એલન મોલ્ડિનના જણાવ્યા અનુસાર, હોર્મુઝથી વિશ્વની 1% કરતા પણ ઓછી આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ ક્ષમતા પસાર થાય છે. તેથી અહીં કેબલ કપાવાથી વિશ્વભરમાં ઈન્ટરનેટ પર સીધી અસર નહીં પડે. પરંતુ ઘણી કેબલ એકસાથે કપાવા પર ઈન્ટરનેટ ધીમું થઈ શકે છે. બેંકિંગ, ઓનલાઈન ખરીદી અને ક્લાઉડ સેવાઓ પણ પ્રભાવિત થઈ શકે છે. અસર એ વાત પર નિર્ભર કરશે કે કંપનીઓ ડેટાને બીજા રૂટ પર કેટલી ઝડપથી શિફ્ટ કરી શકે છે.

### યુદ્ધ નહીં કરવાની...

તેમણે કહ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે ટકરાવ વધવાથી કોઈને ફાયદો નહીં થાય અને તેલ-ગેસના ભાવ પર ગંભીર અસર પડી શકે છે. જર્મનીના વિદેશ મંત્રી યોહાન વાડેફુલે કહ્યું કે જર્મની, ફ્રાન્સ અને બ્રિટન ઈરાન સાથે વાતચીત કરવા માટે તૈયાર છે, જેથી તે પરમાણુ હથિયાર હસ્તગત ન કરે. તુર્કીના ઇસ્તંબુલમાં શુક્રવારે કેટલાક યુરોપિયન વિદેશ મંત્રીઓની બેઠકમાં બ્રિટન, ફ્રાન્સ, જર્મની, તુર્કીના વિદેશ મંત્રીઓ ઉપરાંત ઇજિપ્ત , પાકિસ્તાન, સાઉદી અરેબિયાના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો હતો.

### સાઉદી અરેબિયા...

આ દાવા સામે આવ્યા છે. આ દાવાઓ એવા સમયે સામે આવ્યા છે જ્યારે યમનમાં શરૂ થયેલા નવા સંઘર્ષે ઈરાન સામેના અમેરિકા-ઈઝરાયેલી યુદ્ધમાં બીજો મોરચો ખોલ્યો છે. સાઉદી અરેબિયાએ ઈરાન સમર્થિત હૂતીઓ સામેનું પોતાનું અભિયાન વધુ તીવ્ર બનાવ્યું છે, જેના હુમલાઓ સાઉદી અરેબિયાના બુનિયાદી માળખા તેમજ તેના તેલની નિકાસના મુખ્ય માર્ગ બંને માટે જોખમ ઊભું કરે છે. હૂતી લશ્કરી પ્રવક્તા યહ્યા સારેએ જણાવ્યું હતું કે શનિવારના નિશાનાઓમાં ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન, ક્રૂડ ઓઈલ પમ્પિંગ સ્ટેશનો, યાનબુમાં આવેલી સાઉદી અરામકો સુવિધા અને રાબીગ ઓઈલ રિફાઈનરીનો સમાવેશ થાય છે. તેમણે રિયાધમાં કિંગ ખાલિદ ઈન્ટરનેશનલ એરપોર્ટ, દમ્મામમાં કિંગ ફહદ ઈન્ટરનેશનલ એરપોર્ટ, નજરાન એરપોર્ટ અને ખમીસ મુશૈત સ્થિત એક એરબેઝ પર પણ હુમલા કર્યાનો દાવો કર્યો હતો. સાઉદી સત્તાવાળાઓએ આ દાવાઓની તાત્કાલિક પુષ્ટિ કરી ન હતી. શનિવારે અગાઉ, સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધને જણાવ્યું હતું કે તેણે તાએફ અને યાનબુ તરફ જતી હૂતીઓની બે બેલિસ્ટિક મિસાઈલોને નષ્ટ કરી દીધી છે. સાઉદી અરેબિયાના સિવિલ ડિફેન્સે ટૂંક સમયમાં જ આ શહેરો તેમજ મક્કા અને જેદ્દાહના રહેવાસીઓને સંભવિત જોખમ અંગે ચેતવણી આપી હતી. લગભગ 10 મિનિટ પછી, તેણે જણાવ્યું કે જોખમ ટળી ગયું છે. છેલ્લા કેટલાક દિવસમાં થયેલા હુમલાઓમાં ભારતીયો સહિત કેટલાકનાં મોત થયા છે.

# હૈદરાબાદના યુવાને સ્ત્રીના સ્વાંગમાં સેક્સ ચેટ કરીને ૧,૦૦૦ પુરુષોને ફસાવ્યા



કેટલાક વાસનાભૂખ્યા પુરુષો સોશ્યલ મીડિયામાં સુંવાળો સહવાસ શોધતા હોય છે, જેના માટે કેટલાક ફેસબુકના તથા ઇન્સ્ટાગ્રામનાં પેજ કુખ્યાત છે. સોશ્યલ મીડિયાના માધ્યમથી તેઓ મહિલાઓ સાથે સંપર્કો બાંધે છે અને પોતાના દેહની ભૂખ શાંત કરે છે પણ તેમાં ભારોભાર જોખમ છે. કેટલાક ધૂર્ત પુરુષો મહિલાનો સ્વાંગ સજીને સોશ્યલ મીડિયામાં પોતાનું ખાતું ખોલાવે છે અને લંપટ પુરુષોને પોતાની મોહજાળમાં ફસાવીને તેમને બ્લેકમેઇલ કરે છે અને પૈસા પડાવે છે. તાજેતરમાં હૈદરાબાદના ૨૩ વર્ષના યુવાન પવનકુમારનો કિસ્સો બહાર આવ્યો છે, જેણે ડોક્ટરો, પોલીસકર્મીઓ, ઉદ્યોગપતિઓ, સરકારી અધિકારીઓ, સોફ્ટવેર એન્જિનિયરો અને લેક્ચરર્સ સહિત વિવિધ વ્યવસાયોના લગભગ ૧,૦૦૦ લોકોને હનીટ્રેપમાં ફસાવ્યા હતા. પવનકુમારની મોડસ ઓપરેન્ડી મુજબ પહેલાં છોકરીઓના ફોટાવાળા સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સમાંથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલવામાં આવતી. પછી વાતચીત શરૂ થતી અને અંતે તે સેક્સ ચેટ સુધી પહોંચી જતી. ચેટમાં ભાગ લેનારાંઓને નગ્ન ફોટા અને વીડિયો સબમિટ કરવાનું કહેવામાં આવતું. પછી વાર્તામાં એક નવું પાત્ર ઊભરી આવતું. જે વ્યક્તિ અત્યાર સુધી છોકરી બનીને ચેટ કરતો હતો તે પોતાને એ જ છોકરીના ભાઈ તરીકે ઓળખાવતો અને પૈસા માંગવાનું શરૂ કરતો. પોતાની ચોરી પકડાઇ જવાના ડરથી શિકાર બનેલા પુરુષો પાસેથી લાખો રૂપિયા પડાવવામાં આવ્યા હતા.

પવનકુમાર તેલંગાણાના ભદ્રાદ્રી કોઠાગુડેમ જિલ્લાના ટેકુલપલ્લી મંડળના રહેવાસી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે પવને હૈદરાબાદના બાલાનગરમાં સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટૂલ ડિઝાઇન (CITD) માં બીજા વર્ષમાં ડિપ્લોમાનો અભ્યાસ છોડી દીધો હતો. આ પછી તેણે તેના પરિવારને કહ્યું કે તે મલ્લા રેડ્ડી કોલેજમાં બી.ટેકનો અભ્યાસ કરી રહ્યો છે. તે હૈદરાબાદમાં રહેતો હતો અને નાની-મોટી નોકરી કરતો હતો અને હાલમાં બેરોજગાર હતો. પવન છોકરીઓના ફોટાનો ઉપયોગ કરીને ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર નકલી એકાઉન્ટ બનાવતો હતો. આ એકાઉન્ટ લોકોને ફ્રેન્ડ અથવા ફોલો રિક્વેસ્ટ મોકલતા હતા. એક વાર રિક્વેસ્ટ સ્વીકારાઈ જાય પછી તે પુરુષ તેમની સાથે ચેટ કરવાનું શરૂ કરતો અને પોતાને છોકરી તરીકે દેખાડતો. તે ધીમે ધીમે વાતચીતને સેક્સ ચેટ તરફ દોરી જતો અને વપરાશકર્તાઓ પુરુષો પાસેથી નગ્ન ચિત્રો અને વીડિયો લીધા હતા અને તેમને પોતાના લેપટોપમાં સેવ કરતો હતો. શંકા ટાળવા માટે પવન કેટલીક મોડેલોના અર્ધ-નગ્ન ફોટા પણ મોકલતો હતો. હૈદરાબાદની પોલીસે પવનકુમાર પાસેથી ત્રણ મોબાઈલ ફોન, એક લેપટોપ અને ૧૬ જીબીની પેન ડ્રાઈવ જપ્ત કરી છે. ડીસીપી કિરણ ખરેએ જણાવ્યું હતું કે છેલ્લાં ચાર વર્ષથી તે કોલકાતાની એક મોડેલ સહિત અનેક છોકરીઓના ફોટાનો ઉપયોગ કરીને લોકોને હનીટ્રેપમાં ફસાવી રહ્યો હતો અને તેમની પાસેથી પૈસા પડાવી રહ્યો હતો. તેના દ્વારા છેતરાયેલાં લોકોમાં ભારતનાં વિવિધ રાજ્યો તેમજ અન્ય દેશોમાં રહેતાં લોકોનો પણ સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, નગ્ન વીડિયો અને ફોટોગ્રાફ્સ મેળવ્યા પછી પવને લોકો પાસેથી પૈસા પડાવવાનું શરૂ કર્યું. પવન પછીથી આગળ આવતો અને પોતાને એ જ છોકરીના ભાઈ તરીકે ઓળખાવતો, જેની સાથે તે અત્યાર સુધી વાત કરતો હતો. આ પછી વોટ્સ એપ અને સોશ્યલ મીડિયા દ્વારા નગ્ન ચિત્રો અને વીડિયો મોકલનારાં લોકોનો સંપર્ક કરતો હતો. તે તેમને ધમકી આપતો કે તેની બહેને આત્મહત્યા કરી લીધી છે અથવા તે પોલીસમાં ફરિયાદ કરશે. આ રીતે તે તેમની પાસેથી પૈસા પડાવતો. પવને આ કામ માટે મોટે ભાગે કોલકાતાની એક મોડેલના ફોટોગ્રાફસનો ઉપયોગ કર્યો હતો. પોલીસે મોડેલનો સંપર્ક કર્યો છે અને તેને આ અંગે જાણ કરી છે.

પોલીસનું કહેવું છે કે પવનકુમારે પોલીસકર્મીઓ, લેક્ચરર્સ, સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, સોફ્ટવેર એન્જિનિયરો અને ડોક્ટરો સહિત વિવિધ વ્યવસાયોના લગભગ ૧,૦૦૦ લોકોને સેક્સ ચેટ

**ટુ ધ પોઈન્ટ**
**■ સંજય વોરા ■**

કરીને ફસાવ્યા હતા. આ લોકોની ઉંમર ૨૨ થી ૭૦ વર્ષની વચ્ચે છે. અમને ૮૨ લોકોનાં નગ્ન ચિત્રો અને વીડિયો મળ્યાં છે. પવનકુમારનો શિકાર બનેલા પીડિતોમાં તેલંગાણા, આંધ્રપ્રદેશ, કેરળ, તમિલનાડુ અને પંજાબ તેમજ સાઉદી અરેબિયા, તુર્કી, પાકિસ્તાન અને કેનેડાનાં લોકોનો સમાવેશ થાય છે. પોલીસનું કહેવું છે કે પવને અત્યાર સુધીમાં આ લોકો સાથે ૨૫ લાખ ૧૬ હજાર રૂપિયાની છેતરપિંડી કરી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે પવને ઇન્સ્ટાગ્રામ પર ૧૩ નકલી આઇડી અને ફેસબુક પર ૧૪ નકલી પેજ બનાવ્યા હતા. ફેસબુકનાં નામો ૧. ચંદના એન્જલ, ૨. કે. ચંદના શ્રી, ૩. ચંદના શ્રી, ૪. હની કાના પોટ્ટી, ૫. આયેશા પોટ્ટી, ૬. ચંદના પ્રિન્સ. એસ., ૭. શ્રી કે ચંદના, ૮. એ. કીર્તિ, ૯. ચંદના કે, ૧૦. ધારાવથ સ્વાતિ, ૧૧. વિજય કુમાર, ૧૨. કે. પવન શિવ, ૧૩. ભુક્યા અનિલ અને ૧૪. દિવ્યા શ્રી હતાં. આવી જ રીતે ઇન્સ્ટાગ્રામ પર પણ ૧૩ નકલી આઇડી બનાવવામાં આવ્યા હતા. હૈદરાબાદ પોલીસનું કહેવું છે કે આ આઇડી પૈકી કોઈ પણ આઇડી દ્વારા કોઈ પુરુષનો સંપર્ક કરવામાં આવ્યો હોય અને તેમને ફસાવીને તેમની પાસેથી પૈસા પડાવવામાં આવ્યા હોય તો તેમણે પોલીસનો સંપર્ક કરવો જોઈએ. પોલીસની ગણતરી મુજબ આ રીતે આશરે ૧,૦૦૦ પુરુષોને ફસાવવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, પવનકુમારે તેના એક મિત્ર સાથે પણ છેતરપિંડી કરી હતી અને તેની પાસેથી ચાર લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ પછી સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો.

છેતરપિંડીનો ભોગ બનેલા તેના મિત્ર રમેશે (નામ બદલ્યું છે) પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. રમેશે જણાવ્યું કે તે પવનકુમારને સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટૂલ ડિઝાઇનમાં ડિપ્લોમાના અભ્યાસ દરમિયાન મળ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૧ માં મને ઇન્સ્ટાગ્રામ પર મૂન બેબી ૫૯૭૩ નામના આઈડી પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મળી હતી. મને આ એકાઉન્ટ પર શંકા ગઈ. તેને જોયા પછી મને લાગ્યું કે તે પવનકુમાર દ્વારા બનાવવામાં આવ્યું છે. મેં તરત જ તેની પૂછપરછ કરી અને તેણે કબૂલ્યું કે તેણે નકલી એકાઉન્ટ બનાવ્યું હતું. આ પછી મેં તેની સાથેની મારી મિત્રતાનો અંત લાવવાનો નિર્ણય લીધો હતો. તે પછીથી બીજી હોસ્ટેલમાં રહેવા ગયો. આમ છતાં, પવન ત્યાં આવ્યો અને મને તેની સાથે રહેવા કહ્યું હતું. આ સમય દરમિયાન અમારા બંને વચ્ચે શારીરિક સંબંધો બંધાયા હતા. રમેશે આરોપ લગાવ્યો છે કે પવને તેને સેક્સ માટે દબાણ કર્યું હતું અને બ્લેકમેલ પણ કર્યો હતો. રમેશે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે પવને તેને વીડિયો બનાવવાનો દાવો કરીને ધમકી આપી હતી. તેણે તેના પર સેક્સ કરવા દબાણ કર્યું હતું અને તેની પાસેથી ઓનલાઈન ૧.૫ લાખ રૂપિયા અને સીધા ૨.૫ લાખ રૂપિયા પણ લીધા હતા. હૈદરાબાદ પોલીસે ૧૭ ઓક્ટોબરે કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી. આ તપાસ દરમિયાન હની ટ્રેપનો મામલો પ્રકાશમાં આવ્યો હતો.

હની ટ્રેપિંગમાં કોઈ ટાર્ગેટ પાસેથી ગુપ્ત માહિતી મેળવવા માટે રોમેન્ટિક અથવા જાતીય સંબંધ સ્થાપિત કરવાની પ્રથાનો સમાવેશ થાય છે. આ માહિતીના ઉપયોગ પછી મોટી રકમ મેળવવા અથવા જાસૂસી સહિત રાજકીય હેતુઓ માટે કરવામાં આવે છે. છેલ્લા બે દાયકામાં ભારત સહિત ઘણા દેશોમાં હની ટ્રેપના ઘણા કેસ નોંધાયા છે, જ્યાં ગેરકાયદેસર ખંડણી માગવામાં આવી છે અથવા બ્લેકમેલ પણ કરવામાં આવ્યા છે. છેલ્લા દાયકાઓમાં પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં પોસ્ટ કરાયેલા ભારતીય વિદેશ સેવાના પ્રેસ માહિતી સચિવ માધુરી ગુપ્તાનો કેસ ઘણો મોટો બન્યો હતો, જ્યારે ૨૦૧૦ માં દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI ને સંવેદનશીલ માહિતી પૂરી પાડવાના આરોપસર તેમની ધરપકડ કરી હતી. નીચલી કોર્ટે તેમને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી પરંતુ તેમને જામીન પર મુક્ત કર્યા હતા.

હૈદરાબાદના ચાર મિનાર વિસ્તારના ડીસીપી કિરણ ખરેએ કહ્યું કે જો તમને સોશ્યલ મીડિયા પરના કોઈ પણ એકાઉન્ટમાંથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મળે છે, તો તમારે તે એકાઉન્ટ તપાસવું જોઈએ. ખાસ કરીને, જો તમને કોઈ અજાણ્યા એકાઉન્ટમાંથી મેસેજ મળે તો તમારે સાવધ રહેવું જોઈએ. આવાં લોકો પહેલાં મૈત્રીપૂર્ણ રીતે વાત કરે છે. પછી તેઓ નગ્ન ફોટા અને વીડિયો મેળવીને લોકોને છેતરવાનું શરૂ કરે છે. પીડિતોએ તાત્કાલિક પોલીસમાં ફરિયાદ કરવી જોઈએ..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**પવનકુમારે પોલીસકર્મીઓ, લેક્ચરર્સ, સરકારી કર્મચારીઓ, સોફ્ટવેર એન્જિનિયરો અને ડોક્ટરો સહિત વિવિધ વ્યવસાયોના ૧,૦૦૦ લોકોને સેક્સ ચેટ કરીને ફસાવ્યા હતા**


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ** (DGVCL)

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી બોરડા | ૧૧ કેવી નાલ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૬.૧૦.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૨ | ૬૬ કેવી બોરડા | ૧૧ કેવી ગાયસવાર એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૬.૧૦.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૩ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૪ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાના કાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૫ | ૬૬ કેવી પ્રતાપનગર | તમામ ફીડર | રાજપીપલા-૨<br>રાજપારડી | ૭૫૬૭૭૪૯૮૦૬<br>૭૫૬૭૭૩૩૯૨૪ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૬ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી અલવા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૭ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી ગંભીરપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૮ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી કોલવાણ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૯ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી જાવલી એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી પાંચપીપળી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી ખોચરપાડા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી પોમલાપાડા | તમામ ફીડર | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી ચિકદા | તમામ ફીડર | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી સેલંબા જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નરવાડી એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી વરખડ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી સામોટ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી દેવમોગરા જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૩૦.૧૦.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ગોળદા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૩૦.૧૦.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.),દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી,રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ** (DGVCL)

સી.આઈ.એન.-U40102GJ2003SGC042909

માંડવી (સં. અને નિ.) વિભાગીય કચેરી

દુકાન નંબરઃ૩-૫-૧૭-૧૮, વિલા રેસિડેન્સી, ભારત પેટ્રોલિયમની સામે, તરસાડાબાર, માંડવી-૩૯૪૧૬૦.

ટોલ ફ્રી નંઃ ૧૯૧૨૩

વીજ પુરવઠો બંધ રહેવા અંગેના જાહેરાત

આથી અમારા માનવંત ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| અ.નં | સબ સ્ટેશનનું નામ | ફીડરનું નામ | પેટા વિભાગીય કચેરી | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વસરાવી | ૧૧ કેવી હરિ સાઈ જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૬.૧૦.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨ | વસરાવી | ૧૧ કેવી ગાડા ડુંગર એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૬.૧૦.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩ | ઝંખવાવ | ૧૧ કેવી રજવાડી એજી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૨૭.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪ | ઉમરબડી | ૧૧ કેવી વાડી (ઉમરબડી)જેજીવાય | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૨૭.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૫ | કડોદ (વાવ) | ૧૧ કેવી સિંગોડ એજી | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૭.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૬ | કડોદ (વાવ) | ૧૧ કેવી બામણી જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૭.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૭ | વાંકલ | ૧૧ કેવી વાંકલ જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૭.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૮ | વાંકલ | ૧૧ કેવી બોરિયા એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૭.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૯ | તડકેશ્વર | ૧૧ કેવી ધરમપુર જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૭.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૦ | તડકેશ્વર | ૧૧ કેવી ઉમેલાવ એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૭.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૧ | કડોદ (વાવ) | ૧૧ કેવી કડોદ જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૨ | કડોદ (વાવ) | ૧૧ કેવી ઝરિમોરા એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૩ | કાટિસકુવા | ૧૧ કેવી ઘાટા જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૪ | કાટિસકુવા | ૧૧ કેવી ઉમરકુવા એજી | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૫ | નોગામા | ૧૧ કેવી તુકેત એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૬ | નોગામા | ૧૧ કેવી બોરીગાલા જેજીવાય | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૭ | નોગામા | ૧૧ કેવી વડેસિયા એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૮ | મોસાલી | ૧૧ કેવી મોસાલી જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૯ | શાહ | ૧૧ કેવી ઝંખરડા જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૦ | શાહ | ૧૧ કેવી વસ્તાન એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૧ | મોસાલી | ૧૧ કેવી આમનડેરા એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૨ | ચિમિપાતાલ | ૧૧ કેવી હલધરી એજી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૩ | ચિમિપાતાલ | ૧૧ કેવી બિલવાન જેજીવાય | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૨૮.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૪ | તડકેશ્વર | ૧૧ કેવી રામકુંડ જેજીવાય | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૫ | તડકેશ્વર | ૧૧ કેવી વરેઠી એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૬ | વાંકલ | ૧૧ કેવી રટોટી એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૭ | વસરાવી | ૧૧ કેવી રાતોલા જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૮ | માંડવી | ૧૧ કેવી માંડવી (ટી) અર્બન | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૯ | માંડવી | ૧૧ કેવી જામણકૂવા જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૦ | માંડવી | ૧૧ કેવી નાનીચેર એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૧ | માંડવી | ૧૧ કેવી રામેશ્વર એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૨ | માણેકપોર | ૧૧ કેવી શ્રી રામ એજી | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૩ | કડોદ (વાવ) | ૧૧ કેવી કંટાળી જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૪ | કડોદ (વાવ) | ૧૧ કેવી ભામૈયા એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૫ | ચિમિપાતાલ | ૧૧ કેવી જોડવાણ જેજીવાય | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૬ | ચિમિપાતાલ | ૧૧ કેવી વડગામ એજી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૨૯.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૭ | કસાલ | ૧૧ કેવી ઉટેવા એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૮ | કસાલ | ૧૧ કેવી ખોડઆંબા જેજીવાય | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૯ | વાંકલ | ૧૧ કેવી નાંદોલા એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૦ | વાંકલ | ૧૧ કેવી ખરેડા એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૧ | વાંકલ | ૧૧ કેવી પતાલદેવી જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૨ | માંડવી | ૧૧ કેવી અમલસાડી એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૩ | બોરબડી | ૧૧ કેવી હનુમાન જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૪ | ઉમરબડી | ૧૧ કેવી લીમધા જેજીવાય | ઉમરબડી | ૯૩૫૭૦૭૭૯૮૨ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૫ | ઉમરબડી | ૧૧ કેવી તારાપોર એજી | ઉમરબડી | ૯૩૫૭૦૭૭૯૮૨ | ૩૦.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૪૬ | મોસાલી | ૧૧ કેવી મોસાલી જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૩૧.૧૦.૨૦૨૬ | શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૭ | મોસાલી | ૧૧ કેવી વકીલપારા એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૩૧.૧૦.૨૦૨૬ | શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |

નોંધઃ ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

કાર્યપાલક ઇજનેર(સં. અને નિ.), માંડવી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ

એમ.સી.બી/ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો



**Vadodara Municipal Corporation**

**Encroachment Removal and Security Department**

**Notice Invitation E-Tender (On line) : Director (E.R. & S.)**

Tender for the work mentioned below are invited online on www.nprocure.com/www.vmc.gov.in From experienced contractor with following schedule.

Name of Work: Selection of Service Provider for Security Services by deploying required number of security personnel/watchman to Safeguard, monitor & maintain security at different offices / locations/installations of Vadodara Municipal Corporation. (Contract Period One year)

| Zone wise | Rs. (Crore) | EMD@2% | Tender fees |
|---|---|---|---|
| East Zone | Rs.13.50 Crore | Rs.27 Lacs | Rs.20,000/- |
| North Zone | Rs.14.00 Crore | Rs.28 Lacs | Rs.20,000/- |
| Vital Installation | Rs.6.00 Crore | Rs.12 Lacs | Rs.20,000/- |

| | |
|---|---|
| Downloading of Tender Document | From Dt. 27/10/2026 to 12/11/2026 Up to 18.00 Hours. |
| Pre-Bid meeting | Dt.04/11/2026 at 11.00 AM to onwards. |
| Last Date for submission of Tender (Online-(n) Procure) | On or before Dt.17/11/2026 Up to 16.00 Hours. |
| Submission Of Technical Bid, Tender Fee, E.M.D. and other document etc. in hard copy | On or before Dt. 17/11/2026 Up to 16-00 hours. To, Director, Encroachment Removal & Security Dept., Vadodara Municipal Corporation, Khanderao Market Building, Rajmahel Road, Vadodara-390001. By Regd. Post/ Speed post only. |

1. Price bid in physical form shall not be accepted in any case.
2. The Vadodara Municipal Corporation reserves the right to accept or reject any or all the tenders to be received without assigning any reasons thereof.
3. VMC shall not be responsible for any postal delay.
4. Any clarification or if training required for participating in online tender, contact the following office.

"(n) Code Solutions- A Division GNFC Ltd"
403, GNFC Info Tower, Bodakdev, Ahmedabad-380 054, GUJARAT (INDIA)
Tel. + 91 26857316/17/18
E-mail: nprocure@gnvfc.net Website: www. nprocure.com

P.R.O. No. 529 /2026-27 Director (E.R. & S.)



RAJHANS® **ગોપીતળાવ** નવસારી બજાર, સુરત




રોમાંન્ટિક મ્યુઝીકલ કોમેડી ચિત્ર

**ઉડતા તીર**

આયુષ્યમાન ખુરાના, સારાઅલીખાન

૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રે: ૧૦.૧૫

એકશન થ્રીલર હીટ ફિલ્મ

**જેલર-2**

રજનીકાંન્ત

૧૦.૦૦,૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે: ૯.૦૦, ૧૦.૦૦



**APPLE CINEMA**

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

ફ્રુટી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007

Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat

**ઉડતા તીર** ૯.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૧૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૧૫

**જેલર 2** ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, રાત્રે : ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦

**પ્રહાર** ૯.૨૫, ૨.૧૦, રાત્રે : ૮.૪૫

**તુ હૈ મેરી કિરણ** ૪.૦૦, ૭.૪૦ (હિન્દી)

**હનુમાન અંશ** ૧.૨૦ (હિન્દી)

**418** ૩.૩૦, રાત્રે : ૮.૨૦

**હોપ** ૬.૧૦, ૭.૧૦

**પહેલા પ્યાર દુસરી બાર** ૯.૧૫, ૧૨.૦૦, ૩.૦૦, ૪.૪૦, રાત્રે : ૧૦.૦૦

**CLAYFACE** ૯.૦૫, ૧.૩૫, રાત્રે : ૮.૦૫ (હિન્દી)

**મિત્રતા** સવારે : ૧૧.૧૫ (ગુજરાતી)

**કમાલ છે તુ કાકુ** ૬.૨૦ (ગુજરાતી)

**ડમરુ** ૧૨.૧૦, ૫.૩૦ (ગુજરાતી)

**ચોર નં.1** સવારે : ૯.૦૫ (ગુજરાતી)

**દ્રશ્યમ- 3** ૯.૩૦, ૧૧.૦૦, ૨.૩૦, રાત્રે : ૯.૦૦

**સ્ટ્રીટ ફાઈટર** ૬.૦૦

**તુમ મેરે હો** સવારે : ૧૧.૪૫



ફક્ત રૂ. ૭૦/- થી શરૂ

જબરજસ્ત એકશન



**જેલર-2**

રજનીકાન્ત

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

હોરર, ધ્રૂજારીપૂર્ણ (હિન્દી)




**418**

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

**RUPAM CINEMA**

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



**RAJ IMPERIAL INOX**

વરાછા સરથાણા નેચર પાર્ક પાસે

Booking Movie Tickets @ Raj Imperial Inox

Ph.: 02612577777

માણવા જેવી રોમાંન્ટીક ફિલ્મ




**ઉડતાતીર** આયુષ્યમાન ખુરાના, સારા અલી ખાન ATMOS 9.00 am, 10.35 am, 12.15 pm, 1.30 pm, 3.10 pm, 4.25 pm, 6.05 pm, 7.20 pm, 9.00 pm, 10.15 pm

Doraemon The Move : Castle of the Under Sea Devil (હિન્દી) 10.40 am

કોમેડી, રોમાંન્સ, મનોરંજન




**પહેલા પ્યાર દુસરી બાર** 9.00 am, 12.15 pm, 3.15 pm, 6.30 pm, 9.30 pm

**ડમરુ** ગુજરાતી : 7.05 pm

**પ્રહાર** 1.00 pm

**મિત્રતા** ગુજરાતી : 7.05 pm

(હિન્દી) એકશન

**CLAYFACE** 9.00 am, 11.25 am, 4.40 pm, 10.20 pm

**નઈનવેલી** યામી ગૌતમ ATMOS 12.00 pm, 6.25 pm

**તુમ મેરે હો** હિન્દી : 1.50 pm

**તુ હૈ મેરી કિરણ** હિન્દી : 9.40 pm

**દ્રશ્યમ-3** 9.00 am, 2.55 pm, 9.20 pm

**ચોર નં. 1** ગુજરાતી : 4.00 pm